ગાંધીનગર સમાચાર

# મોડાસામાં સાંબેલાધાર વરસાદ : ૬ કલાકમાં ૪.૩ ઈંચ વરસાદ

## સોસાયટીમાં પાણી ભરાયા : અનેક વાહનો ડુબ્યા : કોમ્પ્લેક્ષના બેઝમેન્ટની દુકાનો, ઓફીસો તેમજ પાર્કીંગમાં પાણી ભરાતા લોકોને હાલાકી : અરવલ્લી જિલ્લામાં સર્વત્ર મેઘ મહેર

મોડાસા, તા. ૨૩

મેઘરાજાએ અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આજે હલ્લાબોલ કરી ૬ કલાક જેટલી લાંબી સાંબેલાધાર ઈનિંગ્સ ખેલતા શહેર પાણી પાણી થઈ ગયુ હતુ. મંગળવારે ચાર કલાકમાં વરસેલા લગભગ ૪.૩ ઈંચ વરસાદથી શહેરના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. નીચાણવાળા વિસ્તારોમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા. શહેરના કોલેજ રોડ પર આવેલ લઘુમતિ વિસ્તારની સોસાયટી, રત્નમ સોસાયટી, વિદ્યાકુંજ, ન્યુ આરાધના સોસાયટીમાં જળબંબાકાર થઈ ગયો હતો. અરવલ્લી જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં એકથી દોઢ ઈંચ વરસાદ પડતા ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. જિલ્લાના વાત્રક ડેમ અને વૈડી ડેમ ઓવરફ્લો થતા પાણી છોડવામાં આવ્યું હતું.







રાજસ્થાન અને તેની આસપાસના વિસ્તારમાં લો પ્રેશર સાથે અપર એર સરક્યુલેશન સર્જાતા ગુજરાત રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં હવામાન વિભાગ દ્વારા આગામી ૪૮ કલાકમાં ભારે થી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. મંગળવારે વહેલી સવારે સમગ્ર અરવલ્લી જિલ્લામાં સાર્વત્રિક મેઘરાજાએ પધરામણી કરી હતી. મોડાસા શહેરમાં સોમવારે રાત્રીના સમય દરમિયાન વીજળીના કડાકા સાથે વરસાદ વરસવાનું શરૂ થતાં પ્રજાજનોના જીવ પડીકે બંધાયા હતા. મંગળવારે મેઘરાજાની ધમાકેદાર સવારીએ હલ્લાબોલ કરતા ૬ કલાકમાં ૪ ઈંચથી વધુ વરસાદ ખાબકતા ચોમેર જળબંબાકાર થઈ રહેતા રાહદારીઓ અને વાહનચાલકોની હાલત કફોડી બની ગઈ હતી. મોડાસા શહેરના નીચાણવાળા વિસ્તારો અને સોસાયટી વિસ્તારમાં સતત વરસતા ધોધમાર વરસાદના પગલે રસ્તાઓ પર કેડ સમા પાણી ભરાવાની સાથે અનેક મકાનોમાં પાણી ઘુસી જતા લોકો તોબા પોકારી ઉઠ્યા છે. મોડાસાના નગરજનો વરસાદી પાણી યોગ્ય નિકાલના અભાવે વારંવાર ભરાઈ જતા પરેશાની ભોગવવી પડી રહી છે. કોલેજ રોડ, વિદ્યાકુંજ સોસાયટી, રત્નમ રેસીડન્સી ન્યુ આરાધના સોસાયટીમાં મેઘરાજાની તોફાની બેટીંગથી ભરાયેલા પાણીથી વાહનો પણ ડૂબી જતા અને ઘરોમાં પાણી ઘુસી જતા નુકશાની ભોગવી રહ્યા છે.

અરવલ્લી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ પડતા ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. જિલ્લાના અનેક નીચાણવાળા વિસ્તારોમાં એકધારા વરસાદથી જળબંબાકાર જેવી સ્થિતિ પેદા થઈ હતી. જિલ્લાના મોડાસા તાલુકામાં ૯૨ એમ.એમ., માલપુરમાં ૮ એમ.એમ., ભીલોડામાં ૨૫ એમ.એમ, મેઘરજમાં ૧૧ એમ.એમ., બાયડમાં ૧૧ તેમજ ધનસુરા તાલુકામાં ૨૫ એમ.એમ.થી વધુ વરસાદ નોંધાયો હતો. રાજસ્થાનમાં ભારે વરસાદના પગલે જિલ્લાના મેશ્વો, વાત્રક, વૈડી, માઝુમ ડેમમાં નવી પાણીની આવક સાથે વાત્રક અને વૈડી ડેમ ઓવરફલો થતા નદી કાંઠાના વિસ્તારના રહીશોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ હતુ.

# પાલનપુરમાં એક કલાકમાં ત્રણ ઈંચ વરસાદ

આજે પાલનપુર શહેર માં ચોમાસા ની મોસમનો પ્રથમ ધોધમાર વરસાદ ૧ કલાક સુધી પડ્યો હતો ગાજવીજ સાથે થયેલ મેઘવર્ષાથી પાલનપુર શહેર ના હાર્દ સામ સિટીલાઈટ રોડ પર ઘૂંટણ સમા પાણી ભરાઈ જવાથી રોડ ની બંને સાઈડ દુકાનો માં વરસાદી પાણી ઘુસી જાય તેવી પરિસ્થિતિ સર્જાઈ હતી જો કે મેઘરાજા એ થોડોક વિરામ લેતા સ્થાનિક વેપારીઓએ હાશકારો અનુભવ્યો હતો સીટી લાઈટ રોડ પર પસાર થતા વાહનચાલકો ને વરસાદી પાણી થી મુશ્કેલી વેઠવી પડી હતી। સતત એક કલાક માં ૬૬ મીલીમીટર વરસાદ નોંધાતા નીચાંવાળા વિસ્તાર માં પાણી ભરાયા હતા પાલનપુર શહેરના કિર્તીસ્થભ વિસ્તાર માં વરસાદી



પાણી ભરાઈ જવાથી વાહન ચાલકો ને હેરાન ગતિ ભોગવી પડી હતી તો બીજી તરફ આબુ નેશનલ હાઈવે પર મલાણા પાટિયા નજીક અતિરેક વરસાદી પાણી ભરાઈ જવા થી વાહનવ્યવહાર ખોરવાયો હતો જો કે વહીવટી તંત્ર દ્વારા ટિમ મોકલી આબુ હાઈવે પર વરસાદી પાણી ના નિકાલ ની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતીપાલનપુર પંથક માં મેઘલહેર નું વાતાવરણ બનતા ધરતીપુત્રો માં આનંદ છવાઈ ગયો હતો.છેલ્લા કેટલાય દિવસો થી વરસાદ ખેંચાતા ધરતીપુત્રો નિરાશ થઈ ગયા હતા.જોકે આજરોજ મન મૂકીને મેઘવર્ષા થતા ખેતી લાયક પાક જીવંત થતા ખેડૂત આલમ માં ખુશી નો માહોલ જોવા મળ્યો હતો.



## પ્રાંતિજ સાદોલીયા પાસે સાબરમતી નદી બે કાંઠે

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના સાદોલીયા પાસે આવેલ સાબરમતી નદીમાં ઉપરવાસમાં વરસાદને કારણે ડેમમાંથી પાણી છોડવામાં આવતા નદી બે કાંઠે વહેતી થઈ હતી. ઉપરવાસમાં ભારે વરસાદને લઈને ધરોઈ ડેમના ૧૦ દરવાજા ખોલવામાં આવતા એક દિવસ પહેલા ખાલીખમ સાબરમતી નદી બે કાંઠે વહેતી થઈ હતી અને નદીમાં નવા નીર આવતા આજુબાજુના લોકો સાદોલીયા ચેકડેમ પાસે જોવા દોડી આવ્યા હતા. ત્યારે પ્રાંતિજ નાયબ કલેક્ટર એ.આર. ચૌધરી તથા મામલતદાર એ.એ. ડોડીયા દ્વારા સાવચેતીના ભાગરૂપે નદીકાંઠે રહેતા નદી પાસે આવેલ ગામોને એલર્ટ કરવામાં આવ્યા હતા. જ્યારે રાત્રીના સમયે એક કલાકમાં જ ત્રણ ઈંચ વરસાદ ખાબકતા ખેડૂતોમાં પણ ખુશીની લહેર જોવા મળી હતી.

# અમદાવાદ-ઉદેપુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ મરામત નહિ થતાં ભારે હાલાકી

અરવલ્લી, તા. ૨૩

અરવલ્લી જિલ્લામાંથી પસાર થતો નેશનલ હાઈવે નં. ૮ અમદાવાદ-ઉદેપુર માર્ગની યોગ્ય મરામતના અભાવે અને વરસાદથી માર્ગ પર ૨ થી ૩ ફૂટ જેટલા ઊંડા ખાડા પડી જતા અહીંથી પસાર થતા વાહનચાલકો વારંવાર અકસ્માતનો ભોગ બની ઈજાગ્રસ્ત અને જીવ ખોવાની ઘટનાઓમાં નિર્દોષ લોકો ભોગ બનવા છતાં હાઈવે ઓથોરીટી તંત્ર નઘરોળ બની જતા વાહનચાલોમાં ઉગ્ર રોષ ફેલાયો હતો. રવિવારે સાંજના સુમારે રાયગઢ નજીક પૂરઝડપે પસાર થતા રોડ પર ખાડામાં મહિન્દ્રા એક્સ.યુ.વી. કાર પટકાતા ગાડીનો કડૂચલો વળી ગયો હતો. સદનસીબે ગાડીમાં બેઠેલા ૫ વ્યક્તિઓનો આબાદ બચાવ થતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર રવિવારે સાંજના સુમારે મહિન્દ્રા એક્સ.યુ.વી. કાર ખાડામાં ખાબકતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. રાયગઢ નજીક આવેલા નવલપુર ગામ નજીકથી પસાર થતા નેશનલ હાઈવે નં. ૮ પરથી અમદાવાદ તરફથી શામળાજી તરફ જઈ રહેલી મહિન્દ્રા એક્સ.યુ.વી. કાર (ગાડી નં. જીજે૦૯.બીએ.૫૫૫૨)નો ચાલક અને અન્ય ચાર વ્યક્તિઓ સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે માર્ગ પર મોટા મોટા ખાડાઓથી અજાણ કારના ચાલકના આગળના ટાયર ખાડામાં ખાબકતા કાર ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા મહિન્દ્રા એક્સ.યુ.વી. કાર બે પલટી ખાઈ રોડ પર જ ઉંધા માથે પછડાતા ગાડીના આગળના ભાગનો અને ગાડીનો ભુક્કો બોલાઈ ગયો હતો. ગાડીમાં સવાર કારચાલક સહિત અન્ય ચાર વ્યક્તિઓનો શરીરે સામાન્ય ઈજાઓ થતાં સદનસિબે આબાદ બચાવ થયો હતો. કાર ઊંધા માટે પછડાતા ધડાકાભેર અવાજ થતા આજુબાજુથી ગામલોકો દોડી આવ્યા હતા. કારની હાલત જોઈ લોકોના મુખ્યમાંથી રામ રાખે તેને કોણ ચાખે ના શબ્દો સરી પડ્યા હતા.



અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર નેશનલ હાઈવે ઓથોરીટીતંત્ર દ્વારા રોજના લાખ્ખો રૂપિયા ટોલટેક્સ પેટે વાહનચાલકો પાસેથી વસુલવામાં આવતા હોવા છતાં નઘરોળ હાઈવે ઓથોરીટી તંત્ર દ્વારા મરામત કરવામાં ન આવતા હાઈવેની હાલત કફોડી બની જતા વાહનચાલકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. દર વરસાદી સીઝનમાં હાઈવેના નિર્માણમાં હલકી કક્ષાનું મટેરીયલ્સ વાપરવામાં આવતુ હોવાથી અને મરામતના કામકાજમાં પણ ભારે ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાથી દર વર્ષે નેશનલ હાઈવે નં. ૮ પર જૈસે થેની સ્થિતિ જોવા મળે છે.

# મોડાસાના વોલ્વા નજીક ગમખ્વાર અકસ્માત

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરથી ૪ કિમી દૂર વોલ્વા ગામ નજીક માઝુમ ડેમ કેનાલ પાસે મંગળવારે સવારે ૯.૩૦ કલાકે લકઝરી બસો રાજસ્થાન તરફથી આવતી બોલેરો જીપ ગાડીને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બોલેરો જીપ ગાડીના કડૂચલો વળી જતા જીપમાં બેઠેલા ૯ લોકોના શરીરે ઈજાઓ વહોંચી હતી. જેમાંથી ૪ લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતના પગલે આજુબાજુથી દોડી આવેલા લોકોએ ઈજાગ્રસ્તોને જીપ ગાડીમાંથી કાઢી ૧૦૮ દ્વારા મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. અકસ્માતના પગલે દોડી આવેલી મોડાસા રૂરલ પોલીસે અકસ્માત સર્જનાર લકઝરી બસના ડ્રાયવર વિરૂદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી. સોમવારે રાત્રીના ૯ કલાકે મોડાસા કોલેજ સામે બુલેટ અને બાઈક ચાલક ટકરાતા બે યુવાનોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અમદાવાદ સારવાર અર્થે ખસેડાયા હતા.

### જંગ છેડ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જન આક્રોશ રેલીને તંત્ર દ્વારા મંજુરી આપવામાં આવી ન હતી. માત્ર સત્યાગ્રહ છવણી ખાતે સભાની મંજુરી અપાઈ હતી. પંરતુ કોંગ્રેસ રેલી નિકાળીને વિધાનસભાનો ઘેરાવો કરશે જ..! તેવા પોલીસને ઈનપુટ હતા. જેને પગલે રેન્જ આઈજી તથા ગાંધીનગર એસ.પી. વિરેન્દ્ર યાદવે ગઈ સાંજે સે. ૭ પોલીસ સ્ટેશન જઈ બંદોબસ્ત સ્કીમ તૈયાર કરી રેલી સ્થળનું નિરીક્ષણ પણ કર્યુ હતું. ત્યાર બાદ ખેડા, બરોડા, બનાસકાંઠા, સાબરકાંઠા અનો અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓ કે જે અગાઉ ગાંધીનગરમાં ફરજ બજાવી ચુક્યા છે અને રેલી તથા ભુગોળથી વાકેફ છે તેવા અધિકારીઓને બંદોબસ્ત માટે બોલાવી લીધા હતા. તે ઉપરાંત ૪ ડીવાયએસપી, ૧૦ પીઆઈ, ૩૦ પીએસઆઈ, ૩૫૦ પોલીસ, ૩૫ ટ્રાફીક પોલીસ, ૪૦ મહિલા પોલીસ અને બે કંપની એસઆરપી સહિતનો કાફલો બંદોબસ્ત માટે તૈનાત કરવામાં આવ્યો હતો. જો કે અંદાજ કરતા બમણી સંખ્યા રેલી સ્થળે આવવા લાગતા પોલીસ ફોર્સ પણ વધારી દેવામાં આવ્યો હતો. તાત્કાલિક કેમેરા વાન ઉપરાંત ચાર વોટર કેનન, બે વજ, પાંચ કંપની એસઆરપી અને એક કંપની મહિલા એસઆરપી રેલી સ્થળે ઉતારી દેવામાં આવી હતી. તો બીજી તરફ પોલીસ પાંચ લેયર સુરક્ષા ગોઠવીને ખુબ જ ઠંડા મગજે રેલી સ્થળે ડીટેઈન કામગીરી શરૂ કરી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેનું ધ્યાન રાખ્યુ હતુ. પ્લાન મુજબ હજારો કાર્યકરોને કંટ્રોલમાં રાખવામાં પોલીસ સફળ પણ રહી..! પરંતુ ડીટેઈન કર્યા બાદ પ્રથમ છ પોલીસવાન ભરીને કાર્યકરોને હેડ ક્વાર્ટર લઈ જવાઈ રહ્યા હતા ત્યાં પોલીસવાનના ડ્રાઈવરથી સામાન્ય ભુલ થઈ ગઈ હતી. ઘ-૩ સર્કલ પાસે ટ્રાફીક જામ હતો. કાર્યકરોથી પોલીસવાન ખીચોખીચ હતી અને વાનમાં ડ્રાઈવર અને એક-બે પોલીસ જ હતી. ઘ-૪ આવ્યુ ત્યારે કાર્યકરોએ ચાલાકી વાપરીને પોલીસ વાનમાંથી ઉતરવાનું શરૂ કરી દીધુ અને હવે ઘરે જઈએ કહીને પોલીસને ભોળવી દીધા..! ચાર પોલીસવાનમાંથી કાર્યકરો ઉતરી ગયા અને ઘ-૪ સર્કલથી સેન્ટ્રલ વિસ્ટા થઈને સીધા વિધાનસભા પહોંચી ગયા હતા. ત્યાં અન્ય કેટલાક આગેવાનો કાર્યકરો પણ હતા. માણસા ધારાસભ્ય અમિત ચૌધરી, દહેગામ ધારાસભ્ય કામીનીબા રાઠોડ, પાલીતણા ધારાસભ્ય પ્રવિણ રાઠોડ ઉપરાંત અન્ય યુવા કાર્યકરોની ટીમ વિધાનસભા ગેટ નં. ૭ પર પહોંચી ગઈ હતી અને ગેટની ઉપર ચઢી કાર્યકરોએ પંજાનો ઝંડો લહેરાવી ફિલ્મી દૃશ્યો ઉભા કરી ભાજપ સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. ત્યારબાદ ગેટ નં. ૭ને ધક્કા મારીને લોક સાથે જ ખુલ્લો કરી દેવામાં આવ્યો અને વિધાનસભાની સીડીઓ સુધી પહોંચી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. પોલીસે બળપ્રયોગ કરવાની ફરજ પડી ત્યારે થોડી ઝપાઝપી પણ થઈ અને પાલીતાણા ધારાસભ્ય પ્રવિણ રાઠોડને ઈજા થતા ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. કોંગ્રેસની ટીમે પણ યુક્તીપૂર્વક રેલીને સફળ બનાવી હતી.

### સમય આવી ગયો છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંબોધતા કોંગ્રેસના જગદીશ ઠારોરે કહ્યું કે દલીતોની વ્હારે કોંગ્રેસ આવી છે. સરકાર દારૂના અડ્ડા ચલાવાની છુટ આપે છે. વિધાનસભામાં આજે રબર સ્ટેમ્પ સરકારને બંગડીઓ આવી છે. અને આજની આ રેલીને રોકીને તો જુઓ...! તેમ કહી હૂંકાર કર્યો હતો. કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી મધુસુદન મિસ્ત્રીએ લોકો માટે જાન જોખમમાં મુક્વો પડે છે. ગુજરાતમાં લાખો લોકો માર્ગો પર બેસીને રોજી રોટી મેળવે છે. નાના એકમો બંધ છે જેથી ફુગાવો થશે તેમજ ભાવ વધશે. ગુજરાતના દલિત આદિવાસી મજુરને સહન કરવાનું આવ્યું છે તેમ જણાવ્યું હતું. કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અર્જુન મોઢવાડીયાએ જન આક્રોશ રેલી નહી રેલો છે. વરસાદ પડે કે લાઠીઓ ભાગવાનું નથી. રાજ્યની પ્રજાની સાથે કોંગ્રેસના કાર્યકરોએ રહેવાનું છે. ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે સવારથી જ હજ્જારોની સંખ્યામાં કાર્યકર્તાઓ આવી પહોંચ્યા હતા. સમગ્ર રાજ્યમાંથી અંદાજે દસ હજાર જેટલા કાર્યકરો વિવિધ પ્લેકાર્ડ દર્શાવી વિરોધ દર્શાવ્યો હતો. આ રેલીમાં કોંગ્રેસના ડૉ. તુષાર ચૌધરી, પ્રદેશ પ્રવક્તા નિશિત વ્યાસ, પ્રભાબેન, નૌશાદભાઈ, ચંદ્રિકાબેન, ગુલાબખાન અહેમદ સહિત, ધારાસભ્યો, તાલુકા, જિલ્લા પંચાયતના હોદ્દેદારો હાજર રહ્યા હતા.

### દરમાં વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

યાદીમાં ફેરફાર કરવાનો નિર્ણય કર્યો છે. કોલસાની અવરજવર માટે લોડિંગ અને અનલોડિંગ બંને જગ્યા ઉપર પ્રતિટન ૫૫ રૂપિયાની દ્રષ્ટિએ કોલ ટર્મિનલ ચાર્જ (સીટીએસ) લાગૂ કરવાની પણ યોજના દેખાઈ રહી છે. નવા દરો ૧૦૦ કિલોમીટરથી વધારેના અંતર ઉપર લાગૂ થશે. ભારતીય રેલવેનૂર અને યાત્રી ભાડામાં થનારી આવકમાં ઘટાડો થતાં પરેશાન છે.

### દરવાજા ખોલાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

નદી રિચાર્જ થતાં આવ્યુ હોવાનું અનુમાન છે.

શ્રાવણના પવિત્ર મહિનામાં સાબરમતી નદી બે કાંઠે થતાં શિવભક્તોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. નદી કાંઠે આવેલા શિવમંદિરોમાં વહેલી સવારે નદીનો નજારો અને મંદિરના ઘંટારાવના નાદથી એક અનોખો અનેરો અને અદ્‌ભુત વાતાવરણની અનુભૂતિ થતી હોવાનું શિવભક્તો કહી રહ્યા છે.

ગાંધીનગર શહેરના સીમાડેથી પસાર થતી સાબરમતી નદી પર નિર્માણ કરાયેલ સંત સરોવર પરથી હાલ ૨૧ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે. આ સરોવરના ૨૧ દરવાજા પૈકીના ૧૪ દરવાજા હાલ ખોલવામાં આવ્યા છે.

### બિલ પસાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

વેપારી વર્ગને સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ઉભા રહેવાની તક મળશે. આજે વિધાનસભામાં ગુડઝ એન્ડ સર્વિસ ટેક્ષના વૈધાનિક પ્રસ્તાવ રજુ કરતાં નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, હાલ બંધારણની જોગવાઈ મુજબ કેન્દ્રને માલના ઉત્પાદન પર અને સેવાઓ પુરી પાડવા પર આબકારી જકાત અને સર્વિસ ટેક્ષ લેવાની સત્તા છે. જ્યારે રાજયને માલના વેચાણ પર વેરો લેવાની સત્તા છે. માટે કેન્દ્ર અને રાજયની વેરો આકારવા અંગેની મર્યાદા દુર કરવા માટે બંધારણીય સુધારો જરૂરી છે તેથી આ સુધારો લવાયો છે. આ સુધારાનો મૂળ આશય કેન્દ્ર કે રાજયની આવક વધારવાનો નહીં પરંતુ પ્રવર્તમાન કર પ્રણાલીમાં જે ખામીઓ છે તે દુર કરી સરળ પ્રણાલી ઉભી કરવાનો છે.